**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો**

**"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા–૨૦૧૩" હેઠળ રાહતદરે અનાજ વિતરણ**

- "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા–૨૦૧૩" (N.F.S.A) હેઠળ સમાવિષ્ટ રાજ્યના અંત્યોદય કુટુંબો અને અગ્રતા ધરાવતા કુટુંબોને મળતા યોજનાકીય લાભો અંતર્ગત ભારત સરકારની **"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"** હેઠળ વર્ષ–૨૦૨૩માં રાજ્યની કુલ ૩.૫૪ કરોડ જનસંખ્યાને વિનામૂલ્યે માસિક ધોરણે ઘઉં અને ચોખાનું વિતરણ કરવામાં આવેલ છે.

**રાજ્ય સરકાર દ્વારા રાહત દરે અનાજ વિતરણ**

- રાજ્ય સરકાર દ્વારા રાજ્યનાં ૭૨ લાખ એન.એફ.એસ.એ. કાર્ડ ધારકોને અન્ન સુરક્ષાની સાથો–સાથ પોષણ સુરક્ષા મળી રહે તે માટે વર્ષ–૨૦૨૩માં દર મહિને પ્રતિ કાર્ડ ૧ કિલોગ્રામ **તુવેરદાળનું** રૂ.૫૦ના રાહત દરે, ૧ કિલોગ્રામ **ચણાનું** રૂ.૩૦ના રાહત દરે **અને** ૧ કિલોગ્રામ **ડબલ–ફોર્ટીફાઈડ મીઠાનું** રૂ.૧ના અત્યંત રાહત દરે વિતરણ કરવામાં આવેલ છે.
- નવેમ્બર–૨૦૨૩ સુધીમાં ૨૨,૯૮૮ મેટ્રીક ટન તુવેરદાળ, ૫૪,૬૫૨ મેટ્રીક ટન ચણા અને ૪૬,૯૩૩ મેટ્રીક ટન ડબલ–ફોર્ટીફાઈડ મીઠાનું વિતરણ કરવામાં આવેલ છે.
- વર્ષમાં આવતા બે તહેવારો **જન્માષ્ટમી** અને **દિવાળી** દરમ્યાન લાભાર્થી કુટુંબોને કાર્ડ દીઠ ૧ લીટર ડબલ ફિલ્ટર્ડ સીંગતેલનું રાજ્ય સરકાર દ્વારા નોંધપાત્ર સબસીડી ભોગવીને રાહત દરે વિતરણ તેમજ ચાલુ વર્ષે નવેમ્બર–૨૦૨૩ સુધીમાં ૧૩૮ લાખ પાઉચનું વિતરણ કરવામાં આવેલ છે.

**"પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના"**

- "પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના" હેઠળ સમાવિષ્ટ ૩૮ લાખ લાભાર્થી કુટુંબો તથા રાજ્ય સરકારની "પીએનજી/એલપીજી સહાય યોજના"ના લાભાર્થીઓ મળી **રાજ્યના આશરે ૩૮.૨૦ લાખ લાભાર્થીઓને** વર્ષમાં બે વખત વિનામૂલ્યે એલ.પી.જી. સિલીન્ડર રીફીલીંગ કરવામાં આવે છે.

- વિભાગ હસ્તકનાં રાજ્યવ્યાપી અનાજ સંગ્રહના ગોડાઉનો ખાતેની રોજબરોજની ગતિવિધિઓનાં મોનીટરીંગ માટે તેમજ સંગ્રહ અને વિતરણની પ્રક્રિયામાં પારદર્શિતા લાવવાના હેતુથી રાજ્યમાં કુલ **૩૧૭ જેટલા ગોડાઉન લૉકેશન ખાતે સી.સી.ટી.વી. કેમેરાઓનું** ઈન્સ્ટોલેશન કરવામાં આવેલ છે તેમજ જરૂરી મોનીટરીંગ માટે ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમની વડી કચેરી ખાતે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની તેમજ જિલ્લા કચેરીઓમાં વીડીયોવોલની સુવિધા સ્થાપિત કરવામાં આવેલ છે.

**"માય રેશન" મોબાઈલ એપ્લિકેશન દ્વારા રેશન કાર્ડની સેવાઓ ઓનલાઈન ઉપલબ્ધ**

- જાહેર વિતરણ વ્યવસ્થાને વધુ પારદર્શક અને અસરકારક બનાવવા તથા નાગરિકોને રેશનકાર્ડની ઓનલાઇન સેવાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવવા વહીવટી સુધારણાના ભાગરૂપે "My Ration" Mobile App તૈયાર કરવામાં આવેલ છે. જેમાંથી દરેક રેશનધારક તેના રેશનકાર્ડની વિગતવાર માહિતી, પરિવારના સભ્યોની વિગતો, પોતાને મળવાપાત્ર જથ્થો, જથ્થાની કિંમત, છેલ્લા ૬ માસના વિતરણની વિગત, બિલની રસીદ, નજીકની વાજબી ભાવની દુકાનોના સ્થળ વગેરે પ્રકારની પ્રાથમિક માહિતી મેળવી શકે છે તેમજ પુરવઠાને લગત ફરિયાદ પણ કરી શકે છે.